Please check the examination details below before entering your candidate information

| Candidate surname | Other names |
|---|---|
| | |

Centre Number | Candidate Number

# Pearson Edexcel Level 3 GCE

## Thursday 25th May 2023

Afternoon (Time: 2 hours 30 minutes) | **Paper reference** | **9GU0/01**

# Gujarati

**Advanced**

**PAPER 1: Translation into English, Reading comprehension and Writing (research question)**

**You do not need any other materials.**
**Dictionaries are not allowed in this examination.**
**Documentation relating to the research is not allowed in this examination**

Total Marks

## Instructions

- Use **black** ink or ball-point pen.
- **Fill in the boxes** at the top of this page with your name, centre number and candidate number.
- Answer question 1 in Section A. Answer **all** questions in Section B. You must answer **one** question from Section C. Write approximately 300 to 350 words for questions in Section C.
- We recommend you spend 20 minutes on Section A: Translation into English, 45 minutes on Section B: Reading comprehension and 1 hour 25 minutes on Section C: Writing (research question).
- Answer the questions in the spaces provided – *there may be more space than you need*.

## Information

- The total mark for this paper is 80.
- The marks for **each** question are shown in brackets

## Advice

- Read each question carefully before you start to answer it.
- Check your answers if you have time at the end.

*Turn over* ▶


©2023 Pearson Education Ltd.
N:1/1/1/1/1/1


Pearson

## SECTION A

## TRANSLATION INTO ENGLISH

**Write your answer in the space provided.**

**We recommend you spend around 20 minutes on this section.**

**1** Translate the following article about causes and consequences of unemployment from Gujarati into **English**.

ગુજરાતમાં બેરોજગારીની ચિંતા બધાને હતી. શિક્ષીત અને ઓછું ભણેલા યુવાનો રોજગારના અભાવે નિરાશ બની ગયા હતા. તેનું કારણ એ હતું કે સરકારી ખાતાઓમાં ખાલી પડેલી જગ્યાઓની જાહેરાત કરવામાં આવતી ન હતી. ક્યારેક નોકરીની ભરતી દરમિયાન ભ્રષ્ટાચાર થતો હતો. ઉમેદવારોની અનુચિત પસંદગીને કારણે કાબેલ યુવાનો તકોથી વંચિત રહી જતા હતા. આથી કામ વગરના લોકોએ પ્રશાસન સામે આંદોલન શરૂ કર્યું હતું.

જો કે ખાનગી ક્ષેત્રની પહેલથી ઉજ્જવળ ભવિષ્યની આશાઓ વધવા લાગી છે. ગુજરાતના ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં, ઘણાં કેન્દ્રો કૌશલ્ય વિકાસમાં મદદરૂપ થવા માટે સ્થાપવામાં આવ્યાં છે. તેમાં અસંખ્ય લોકો તાલીમ લઈ રહ્યાં છે. હવે આર્થિક સહાય પણ મળે છે. જેથી, મહત્વાકાંક્ષીઓ તેમનો પોતાનો વ્યવસાય શરૂ કરી શકે છે.

**(20)**

DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA

**(Total for Question 1 = 20 marks)**

**TOTAL FOR SECTION A = 20 MARKS**



P 7 5 3 1 8 R A 0 3 1 6

## SECTION B

## READING

**We recommend you spend around 45 minutes on this section.**

**Open-response questions do not have to be written in full sentences and you may respond using single words or phrases.**

**You may use words from the texts but you must not copy whole sections.**

**2** ઉજવણી વિષે બ્લોગ પર પ્રકાશિત થયેલી વાર્તા વાંચો.

**ઉજવણીની અણમોલ ભેટ**

શ્રીમંત પરિવારની દીકરીએ મધ્યમવર્ગના સંસ્કારી અશેષ સાથે લગ્ન કર્યાને પાંચ વર્ષ વીતી ગયા. માતા-પિતા રૂઢિચુસ્ત હોવાથી મનદુ:ખ ન થાય તેથી અશેષે પહેલેથી જ જુદું ઘર લીધું હતું.

"કાલે વૅલેન્ટાઇન-ડે છે તો હું વહેલો આવીશ", કચેરીએ જતા અશેષે અલ્પાને કહ્યું. અલ્પા વિચારવા લાગી. દર વર્ષે જન્મદિવસ, લગ્નની વર્ષગાંઠ, ફ્રેન્ડશીપ-ડે જેવા દિવસોમાં અશેષ મને એક એકથી ચઢિયાતી ભેટ આપે છે જે મારા માટે અમૂલ્ય છે. મારો પતિ મારા સખા જેવો છે. દરેક વ્યક્તિ જીવનમાં સારો સાથ શોધતી હોય છે. કંઈ બોલતા પહેલા વિચાર કરવો પડે તે સાચી મિત્રતા નથી. આ સંબંધ પ્રેમ કરતાં પણ મહાન છે.

બીજા દિવસે અશેષ આવીને કંઈ આપે તે પહેલાં અલ્પાએ કહ્યું, "પ્રથમ ભેટ હું આપીશ". તેણી અશેષને તેના માતા-પિતાના ઘેર લઈ આવી અને કહ્યું, "હવે આપણે એક સાથે જ રહીશું". બધાંની આંખમાંથી હર્ષનાં આંસુ વહેવાં લાગ્યાં. વૅલેન્ટાઇન-ડેની સાથે માતૃ-પિતૃ દિવસ પણ ભવ્ય રીતે ઉજવાઇ ગયો.

નીચે આપેલાં દરેક વાક્યને પૂરું કરવા માટે યોગ્ય વિકલ્પ પસંદ કરી તે ખાનામાં ચોકડી ☒ મૂકો.

(i) અશેષના માતા-પિતા ........................................ હતા.

**(1)**

| | |
|---|---|
| ☒ | **A** આધુનિક |
| ☒ | **B** શ્રીમંત |
| ☒ | **C** જૂનવાણી |
| ☒ | **D** અભણ |

DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA

(ii) અલ્પા .................................................................... છે.

**(1)**

| | | |
|---|---|---|
| ☒ | **A** | અપરિણીત |
| ☒ | **B** | કચેરીમાં કામ કરે |
| ☒ | **C** | ઘરે મોડી આવે |
| ☒ | **D** | પોતાના પતિને મિત્ર માને |

(iii) અશેષ ક્યારેય .................................................................... નથી.

**(1)**

| | | |
|---|---|---|
| ☒ | **A** | મોંઘી ભેટો આપતો |
| ☒ | **B** | પોતાનો જન્મદિવસ ઉજવતો |
| ☒ | **C** | ઉજવણી ભૂલતો |
| ☒ | **D** | વૅલેન્ટાઇન્સ-ડે યાદ રાખતો |

(iv) અલ્પા .................................................................... હતી.

**(1)**

| | | |
|---|---|---|
| ☒ | **A** | ઉપહાર પહેલાં આપવા માંગતી |
| ☒ | **B** | પોતાના માતાપિતાને ઘરે ગઈ |
| ☒ | **C** | ખૂબ જ દુ:ખી |
| ☒ | **D** | એકલી જ ઉજવણી કરતી |

**(Total for Question 2 = 4 marks)**

DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA

**3** કામદારો વિષે વેબસાઇટ પર પ્રકાશિત થયેલો એક લેખ વાંચો.

**ઉત્તમ કાર્ય**

ગુજરાત સરકારે બનાવેલ *સ્ટેચ્યૂ ઑફ યુનિટી* નામની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા, નર્મદા નદીને કિનારે સાધુ બેટ પર આવેલી છે. સરદાર વલ્લભભાઈ પટેલની આ મૂર્તિ અનેક રીતે આધુનિક ઇજનેરી કળાનું ઉત્તમ ઉદાહરણ છે. વિવિધ આવડત ધરાવતા હજારો નિષ્ણાત ઇજનેરો, કારીગરો તેમજ તાલીમ ન પામેલા અસંખ્ય મજૂરોના અવિરત પ્રયાસથી તે નિર્માણ પામી છે. ત્યાં કામ કરવા માટે રાજ્યભરમાંથી મોટી સંખ્યામાં લોકો સ્થળાંતર કરીને આવ્યા હતા.

આ પ્રતિમાના મૂળ શિલ્પકાર શ્રી રામ સુતાર પોતાના કામમાં ખૂબ જ પારંગત છે. તેમને પદ્મશ્રી અને પદ્મભૂષણ જેવા ખિતાબોથી સન્માનિત કરવામાં આવ્યા છે. નાનામાં નાની વિગતો ધ્યાનમાં રાખીને સરદાર વલ્લભભાઈ પટેલના ચહેરાના હાવભાવથી માંડીને દરેક બાબત પર ખૂબ બારીકાઈથી તેઓએ કામ કર્યું છે. જેમાં હજારો ટન સિમેન્ટ, પોલાદ અને કાંસાંનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

આ ઉપરાંત, ત્યાં સંગ્રહાલય, રસ્તાની બંને બાજુ ફૂલછોડના ક્યારા, તંબુઓ અને *ભારત ભવનનું* પણ બાંધકામ કરવામાં આવ્યું છે.

ક્યા વાક્યો સાચાં છે તે જણાવો અને ચાર સાચાં વાક્યો ચોકડી ☒ દ્વારા જણાવો.

| | |
|---|---|
| ☒ | **A** આ લેખ પ્રમાણે *સ્ટેચ્યૂ ઑફ યુનિટી* વિશ્વનું બીજા ક્રમનું ઊંચું પૂતળું છે. |
| ☒ | **B** કોઇપણ કાર્યની સફળતા માટે બધાનો સાથ હોવો જરૂરી છે. |
| ☒ | **C** પૂતળું બનાવવાનાં કાર્યને કારણે રોજગારીની તકો ઘટી હતી. |
| ☒ | **D** શ્રી રામ સુતાર કુશળ શિલ્પી છે. |
| ☒ | **E** નાનામાં નાની વિગતો વિષે વિચારવાથી કામ સારું નથી થતું. |
| ☒ | **F** મૂર્તિકારે કરેલ ચહેરાના હાવભાવનું કામ ખૂબ જ પ્રશંસનીય છે. |
| ☒ | **G** પ્રતિમા બનાવવામાં ઓછી ધાતુ વાપરવામાં આવેલ છે. |
| ☒ | **H** આવી સરકારી યોજનાઓને લીધે સ્થાનિક અર્થતંત્રમાં ફાયદો થાય છે. |
| ☒ | **I** આવા સ્મારકો બિલકુલ લાભદાયી નથી હોતાં. |

**(Total for Question 3 = 4 marks)**

DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA

**4** લોકપ્રિય ગુજરાતી ઉત્પાદનોની નિકાસ વિષે પ્રકાશિત થયેલો લેખ વાંચી નીચેના સવાલોના જવાબો **ગુજરાતીમાં** લખો.

**લોકપ્રિય ગુજરાતી ઉત્પાદનોની નિકાસ**

ભારતની કુલ નિકાસમાં ગુજરાતનો સતત ફાળો રહ્યો છે. રાજ્યના ઔદ્યોગિક વિકાસમાં ગતિશીલતા અને વિવિધતા જોવા મળે છે. વૈશ્વિક બજારમાં રસાયણો, હીરા અને કપાસના વેચાણમાં તે અગ્રસ્થાને છે. તેમજ સુતરાઉ કાપડ, ખાતર, અનાજ અને દૂધની બનાવટો પણ અહીંથી પરદેશ મોકલાય છે.

ઇજનેરી ઉદ્યોગનાં સૌથી મોટાં કેન્દ્ર અમદાવાદમાં તથા બીજાં શહેરોમાં પણ તેના ઘણાં એકમો છે. ત્યાં વિકસેલા અનેક ઉદ્યોગોને લીધે આ ઇજનેરી વસ્તુઓ માટે વિશાળ બજાર મળી રહે છે. એટલું જ નહીં, વાહનવ્યવહારની સગવડ પણ તેને માટે જવાબદાર છે. દર વર્ષે દુનિયાના વિકસિત દેશોને યંત્રો તેમજ સાધનો પૂરાં પાડવામાં આવે છે. કપાસની ખેતી માટે કાળી માટીની જમીન જ અનુકૂળ હોવાથી સુતરાઉ કાપડનું ઉત્પાદન અને નિકાસ મોટા પ્રમાણમાં થાય છે જેથી રાજ્યના અર્થતંત્રમાં તેનું સ્થાન મહત્ત્વનું છે.

તદ્દુપરાંત, સુરત શહેરનું હીરાબજાર જગવિખ્યાત છે. મીઠાપુર, વડોદરા અને હજીરાનાં અનેક કારખાનાંઓ વિવિધ પ્રકારનાં રસાયણો અને કૃત્રિમ ખાતરોનું ઉત્પાદન કરીને બીજા દેશોમાં પહોંચાડે છે. અસંખ્ય લઘુઉદ્યોગોને કારણે ખેતી સિવાય રોજગારનાં બીજાં સાધનો વધુ આકર્ષિત બન્યાં છે. આમ, રાષ્ટ્રીય નિકાસના યોગદાનમાં ગુજરાત અગ્રગણ્ય છે.

(a) ગુજરાતનો ઔદ્યોગિક વિકાસ કેવો છે?

**(1)**

........................................................................................................................................

(b) ગુજરાતની નિકાસમાં ફાળો આપતાં પરિબળો કયા છે? **બે** વિગતો જણાવો.

**(2)**

........................................................................................................................................

........................................................................................................................................

(c) સુતરાઉ કાપડનાં ઉત્પાદન માટે શેની આવશ્યકતા છે ?

**(1)**

........................................................................................................................................

(d) ગુજરાત કેવી રીતે વિશ્વના કૃષિક્ષેત્રને મદદરૂપ થાય છે?

**(1)**

........................................................................................................................................

(e) યુવા ગુજરાતીઓ પોતાનું ભવિષ્ય શેમાં જુએ છે ?

**(1)**

........................................................................................................................................

**(Total for Question 4 = 6 marks)**

DO NOT WRITE IN THIS AREA

**5** ઇન્ટરનેટ પર મળતી માહિતીની આધારભૂતતા વિષે છપાયેલો નીચેનો લેખ વાંચી સવાલોના જવાબો **ગુજરાતીમાં** લખો.

**ઇન્ટરનેટની દુનિયા**

એક જમાનામાં ચૂંટણી પ્રચારનાં માધ્યમો બહુ જ મર્યાદિત હતાં. હવે તો ચૂંટણી જીતવા માટે રાજકીય પક્ષો પોતાના ઉમેદવારોનો સંદેશો ત્વરિત પહોંચતો કરવા માટે મોબાઇલ ફોન, ઇન્ટરનેટ, ફેસબૂક તેમ જ વોટ્સએપ જેવાં માધ્યમોનો ઉપયોગ કરી રહ્યા છે. જેથી પ્રચારનો ખર્ચ અને કાગળનો બગાડ નહિવત્ હોય છે, જે ફાયદાકારક છે. એટલું જ નહીં, આના કારણે નેતાઓ સાથે સરળતાથી વાત કરવાનું પણ શક્ય બન્યું છે.

આમ, પ્રચાર અસરકારક બની રહ્યો છે તો કેટલાક લોકો આ માધ્યમો સાથે ચેડાં કરતાં હોવાની ઘટનાઓ પણ બની રહી છે. એવી અનેક વેબસાઇટ છે જેના પર કોઈ પ્રકારનું નિયંત્રણ નથી હોતું એટલે ખોટી માહિતી પ્રસારિત કરતા લેખો અને વિડીયોને ત્યાં મૂકવામાં આવે છે. ફોટોશોપ અને વિડીયો એડિટિંગ જેવી સુવિધાને કારણે હકીકતોને મારી મચડીને અલગ રીતે રજૂ કરી શકાય છે.

આ ઉપરાંત, વિરોધી પક્ષ વિષેની અસત્ય અને નુકસાનકારક માહિતી પણ જાણી જોઈને તૈયાર કરવામાં આવે છે. જેનાથી મોટા પાયે લોકોમાં ગેરસમજણ ઊભી કરી, તેમના વિચારોને બદલવાનો પ્રયત્ન કરવામાં આવે છે. ખાસ કરીને યુવાવર્ગમાં ભ્રમ ફેલાવી રાજકારણીઓ પોતાનો હેતુ સિધ્ધ કરે છે.

આ રીતે ખોટી માહિતીના ફેલાવાથી સત્તા પર હોય તે રાજકીય પક્ષના સમર્થકો અને તેમના વિરોધીઓ વચ્ચે ઘર્ષણની શક્યતા વધે છે. આથી, ઇન્ટરનેટ પર આવતા સમાચારોની વિશ્વસનીયતા પર મોટું પ્રશ્નચિન્હ મૂકાયું છે.

(a) પહેલાનાં જમાનામાં ચૂંટણીનો પ્રચાર શા માટે સરળ ન હતો?

**(1)**

.......................................................................................................................................

(b) ઇન્ટરનેટનો ઉપયોગ નાણાકીય દૃષ્ટિએ કઈ રીતે ફાયદાકારક છે?

**(1)**

.......................................................................................................................................

(c) ઇન્ટરનેટ પર મુકાયેલ ખોટી માહિતીથી શું અસર થાય છે? **બે** વિગતો જણાવો.

**(2)**

.......................................................................................................................................

.......................................................................................................................................

DO NOT WRITE IN THIS AREA



P 7 5 3 1 8 R A 0 8 1 6

(d) ભ્રમિત યુવાનોથી ચૂંટણીનાં પરિણામો પર શું અસર થાય છે?

**(1)**

.......................................................................................................................................

(e) ઇન્ટરનેટ પર હેતુપૂર્વક મૂકેલી માહિતીથી કેવા પ્રકારના રાજકારણીઓ ફાવી જાય છે?

**(1)**

.......................................................................................................................................

**(Total for Question 5 = 6 marks)**

**TOTAL FOR SECTION B = 20 MARKS**

DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA

## SECTION C

## WRITING (RESEARCH QUESTION)

**Respond to ONE question from this section.**

**We recommend that you spend around 1 hour 25 minutes on this section.**

**Write approximately 300 to 350 words**

**EITHER**

**6** સમાજમાં મહિલાઓનું સ્થાન

ગુજરાતી મહિલાઓએ વિકાસની તકો દ્વારા મેળવેલી સિધ્ધિઓ વિષે સામયિકમાં છપાયેલ નીચેનો લેખ વાંચો.

> ગુજરાત સરકારે મહિલા અને બાળકલ્યાણ વિભાગ માટે પરિણામલક્ષી કામગીરી કરી છે. નારી સશક્તિકરણની દિશામાં શરૂ કરેલ અનેક યોજનાઓમાં *માતૃવંદના યોજના, વહાલી દીકરી યોજના,* તેમજ *અભયમ અને પૂર્ણા* જેવી યોજનાઓનો સમાવેશ થાય છે. જેનાથી નારીઓને ઉચ્ચ શિક્ષણ અને વિવિધ ક્ષેત્રોમાં વિકાસ કરવા માટે જુદી જુદી જાતની સહાય મળે છે. આ ઉપરાંત આર્થિક સહાયતા પણ મળી રહે છે.
>
> કેટલીક બહાદુર બહેનો પોતાની શક્તિઓને ઓળખી, ભારે સંઘર્ષ વેઠી અને આત્મવિશ્વાસથી આગળ વધે છે. આથી બીજા માટે આદર્શરૂપ અને પ્રેરણામય બની રહે છે. રાજકીય, વિજ્ઞાન, રમતગમત તેમજ અન્ય ક્ષેત્રોમાં સ્ત્રીઓ દ્વારા કરવામાં આવતાં મહત્ત્વપૂર્ણ પ્રદાનો નોંધપાત્ર છે. સ્ત્રીઓને પ્રોત્સાહન મળે તે માટે વિવિધ કાર્યક્રમો ગોઠવવામાં આવે છે.
>
> છ સાહસિક નાવિક મહિલાઓએ *તારિણી* નામની સઢવાળી નૌકામાં દરિયાઈ સફર ખેડી હતી. આ સિધ્ધી હાંસલ કરવા માટે તેઓને અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. વિવિધ ક્ષેત્રોમાં મેળવેલ સિધ્ધીઓ માટે મહિલાઓનું સન્માન કરવા, માર્ચ મહિનામાં ગુજરાતમાં મહિલા દિન ઉજવવામાં આવે છે. આ વર્ષે જામનગરમાં મહાનગરપાલિકા અને શિક્ષણ સંસ્થા દ્વારા આ કાર્યક્રમ ઉજવવામાં આવ્યો હતો. જેમાં આ પ્રતિભાસંપન્ન મહિલાઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

આપના સંશોધન તથા આ લખાણના સંદર્ભમાં આ વિધાનની છણાવટ કરી તેનું પૃથક્કરણ કરો.

***'બહાદુર અને સક્ષમ ગુજરાતી મહિલાઓ આદર્શરૂપ બનીને અનેક નારીઓને પ્રેરણા આપે છે.'***

**(40)**



P 7 5 3 1 8 R A 0 1 0 1 6

DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA

DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA

**OR**

**7** ભારતીય સમાજ પર ગાંધીજીની અસર

મહાત્મા ગાંધી વિષે ઇ-સમાચારપત્રમાં પ્રકાશિત થયેલ નીચેનો લેખ વાંચો.

> ગાંધીજી સતત સત્યના માર્ગે ચાલ્યા હતા. તેઓની આત્મકથામાં રજૂ થયેલા તેમના વિચારો આપણને જીવન વિકાસના ઉચ્ચ મૂલ્યો વિષે સમજાવે છે. ગાંધીજીએ પોતાના વાણી અને વર્તન દ્વારા શીખવ્યું કે આપણે શાંતિ, અહિંસા, પ્રેમ અને એકતાના માર્ગ પર પ્રગતિ કરીને દરેક સમસ્યાનો હલ કાઢી શકીએ. અન્યાયનો શાંતિપૂર્વક સામનો કરવો એ આપણા સહુની ફરજ છે.
>
> ગાંધીજી સ્વચ્છતાને વધુ મહત્ત્વ આપતા હતા. જેમ જેમ સમાજ ગાંધીજીના મૂલ્યોને જીવનમાં અપનાવતો ગયો તેમ તેમ સ્વચ્છતા વિષે જનતામાં જાગૃતિ આવવા લાગી. હવે *સ્વચ્છ ભારત અભિયાનને* લીધે ઘણી યોજનાઓ દ્વારા લોકોમાં બદલાવ આવતા, દેશ સ્વચ્છ બનવા લાગ્યો છે. આથી અનેક સમસ્યાઓ પણ ઓછી થઈ છે.
>
> *ગોલ્ડન ગાંધીજી* તરીકે વિશ્વમાં ઓળખાતા પોરબંદરના રહેવાસી જયેશભાઈએ ગાંધીજીની સુવર્ણ પ્રતિમા બનીને દેશવિદેશમાં થતા કાર્યક્રમોમાં ભાગ લીધો હતો. તેઓ કલાકો સુધી સ્થિર ઊભા રહી શકતા હોવાથી *ગિનીસ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડસે* આ માટે તેઓને સન્માનિત કર્યા હતા. તેમણે ગાંધીબાપુની ૧૫૦મી જન્મજયંતી અનોખી રીતે ઉજવવાનું નક્કી કર્યું હતું. આ માટે તેઓએ દોઢસો વખત ગાંધીજી બનીને જિલ્લાની વિવિધ શાળાઓમાં જઈને બાળકોને સ્વચ્છતાનો સંદેશો આપ્યો હતો. જેથી નાનપણથી જ બાળકો સ્વચ્છતાનું મૂલ્ય સમજે અને સમાજમાં પરિવર્તન આવે.

આપના સંશોધન તથા આ લખાણના સંદર્ભમાં આ વિધાનની છણાવટ કરી તેનું પૃથક્કરણ કરો. આપનો જવાબ ગુજરાત રાજ્ય અથવા ભારતના અન્ય પ્રદેશો જ્યાં ગુજરાતી ભાષા બોલાતી હોય તેના પર જ કેન્દ્રિત હોવો જોઈએ.

***‘ગાંધીજીની માન્યતા મુજબ, ગુજરાતી સમાજમાં પરિવર્તન લાવવા માટે વ્યક્તિમાં પરિવર્તન લાવવું જરૂરી હતું.’***

**(40)**

**OR**

**8 પ્રવાસન**

ગુજરાતના પ્રવાસન વિષે એક વર્તમાનપત્રમાં છપાયેલ નીચેનો લેખ વાંચો.

તબીબી પર્યટન સ્થળ તરીકે ગુજરાત શ્રેષ્ઠ રાજ્ય પુરવાર થયું છે. આ કાર્ય સાથે સંકળાયેલ લોકોની પ્રાથમિક જવાબદારી એ છે કે દર્દીઓને શ્રેષ્ઠ અને અદ્યતન સારવાર માટેના વિકલ્પો આપે.

દેશવિદેશમાંથી જ્યારે પ્રવાસીઓ ગુજરાતના અમદાવાદ, વડોદરા અને રાજકોટ જેવા અન્ય શહેરોમાં સારવાર માટે આવે છે, ત્યારે નજીક આવેલા પ્રવાસન સ્થળોની મુલાકાત લેવાનું પણ ચૂકતા નથી. રાજ્ય સરકારે કચ્છનાં સફેદ રણ તથા રણોત્સવને દુનિયાના પ્રવાસનના નકશામાં આગવું સ્થાન અપાવ્યું છે. જેના પગલે રમકડાં, માવાની મીઠાઈ, હાથબનાવટની વસ્તુઓ તેમજ અન્ય કળા સાથે સંકળાયેલા કચ્છનાં લોકોને રોજગારી મળી રહે છે.

કચ્છ પ્રવાસ ક્ષેત્રે ખૂબ વિકસિત છે તેથી તે આજે દેશ અને દુનિયામાં આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. રજાઓમાં દેશવિદેશના પ્રવાસીઓ સફેદ રણને જોવા ઉપરાંત કુદરતી સૌંદર્ય અને સૂર્યાસ્ત નિહાળવાનો લહાવો અચૂક લે છે. રણોત્સવની શરૂઆત નવેમ્બર મહિનાથી થાય છે. કચ્છમાં સફેદ રણ ઉપરાંત અન્ય પર્યટન સ્થળો પણ છે. જેમાં ભુજિયો ડુંગર, કાળો ડુંગર, સંગ્રહાલય અને રમણીય દરિયાકિનારો પણ અલૌકિક સુંદરતા ધરાવે છે. સરહદી લખપત તાલુકામાં માતાના મઢ, નારાયણ સરોવર અને કોટેશ્વર મંદિર જેવા ધાર્મિક પવિત્ર સ્થળો પણ છે.

આપના સંશોધન તથા આ લખાણના સંદર્ભમાં આ વિધાનની છણાવટ કરી તેનું પૃથક્કરણ કરો.

***'ગુજરાતનું પ્રવાસન ગુજરાતી સમાજની ઉન્નતિમાં મહત્ત્વનો ભાગ ભજવે છે.'***

**(40)**



P 7 5 3 1 8 R A 0 1 2 1 6

**OR**

**9** ગુજરાત રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા

ન્યાય વ્યવસ્થા વિષે એક વેબસાઇટ પર પ્રકાશિત થયેલો લેખ વાંચો.

> સમગ્ર દેશમાં કાયદો અને વ્યવસ્થાની જાળવણીમાં ગુજરાત રાજ્ય પ્રથમ સ્થાને રહ્યું છે. અહીં સરકાર દ્વારા પોલીસ વિભાગ માટે કરવામાં આવતો ખર્ચ, વસ્તી દીઠ પોલીસ કર્મચારીઓની સંખ્યા તેમજ ગુનાઓનું પ્રમાણ તપાસતાં, ગુજરાત શ્રેષ્ઠ સાબિત થયું છે.
>
> સુરત શહેરમાં *પોલીસ* અને *ટ્રાફિક એજ્યુકેશન ટ્રસ્ટ* દ્વારા સુરક્ષિત શહેર યોજના તૈયાર કરેલ છે. આ યોજનાથી સુરત શહેરમાં પ્રવેશવાના સ્થળો, હીરા અને કાપડ ઉદ્યોગના સ્થળો જેવા પ્રચલિત વિસ્તારોમાં દરેક ખૂણે આધુનિક *સીસીટીવી* કેમેરા વડે ચાંપતી નજર રખાય છે. દરેક કેમેરા *ફાઈબર ઑપ્ટિક નેટવર્ક* દ્વારા નિયંત્રણ ખંડ સુધી તમામ ગતિવિધિ પહોંચાડે છે. તાલીમ પામેલા પોલીસ અધિકારીઓ સતત નિરીક્ષણ કરી દરેક પરિસ્થિતિની માહિતી આપે છે. આથી ગુનાઓમાં ઘટાડો થયો છે કારણ કે ગુનેગારો પકડાઈ જાય છે. પરિવહન સંચાલનમાં તેમજ કાયદો અને વ્યવસ્થાની જાળવણીમાં પણ તે ખૂબ મદદરૂપ છે.
>
> નાની વયના બાળકો કે યુવાનોના રક્ષણ માટે અનેક પ્રકારના કાયદાઓ ઘડવામાં આવ્યા છે. કાયદાનો યોગ્ય રીતે અમલ થાય, ઝડપથી ન્યાય થાય અને ગુનાઓ વિષેની કાર્યવાહી દરમિયાન બાળકોની ગરિમા અને સુરક્ષા જળવાય તે જરૂરી છે. આ માટે દરેક જિલ્લામાં વિશેષ અદાલતો શરૂ કરવામાં આવી છે.

આપના સંશોધન તથા આ લખાણના સંદર્ભમાં આ વિધાનની છણાવટ કરી તેનું પૃથક્કરણ કરો.

***'નવા કાયદાઓ અમલમાં આવતા, લોકોની સુરક્ષા માટે ગુજરાત રાજ્ય વધારે અસરકારક સાબિત થયું છે.'***

**(40)**

**Indicate your question choice on this page.**

**Indicate which question you are answering by marking a cross ☒ in the box. If you change your mind, put a line through the box ☒ and then indicate your new question with a cross ☒.**

Chosen question number: **Question 6** ☒ **Question 7** ☒

**Question 8** ☒ **Question 9** ☒

DO NOT WRITE IN THIS AREA

DO NOT WRITE IN THIS AREA

DO NOT WRITE IN THIS AREA



P 7 5 3 1 8 R A 0 1 4 1 6

DO NOT WRITE IN THIS AREA

DO NOT WRITE IN THIS AREA

DO NOT WRITE IN THIS AREA

**TOTAL FOR SECTION C = 40 MARKS**
**TOTAL FOR PAPER = 80 MARKS**

DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA